



A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES


CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY





પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર   તા. સપ્ટેમ્બર ૧૫, ૨૦૨૨ • ભાદરવા વદ ૫ સંવત ૨૦૭૮

Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
(I/C) Director
GSNRGF

## અમદાવાદ દુનિયાના સૌથી મોટા સ્પોર્ટ્સ સિટી તરીકે ઉભરશે : અમિતભાઈ શાહ

૩૬મા નેશનલ ગેમ્સનું ગુજરાતમાં આયોજન થવા જઈ રહ્યું છે જે અંતર્ગત તાજેતરમાં કેન્દ્રિય ગુહમંત્રી શ્રી અમિતભાઈ શાહની હાજરીમાં કર્ટન રેઇઝર ઇવેન્ટ દરમિયાન ગુજરાતમાં યોજાનારા નેશનલ ગેમ્સના મેસ્કોટને લોન્ચ કરાયું હતું. નેશનલ ગેમ્સના મેસ્કોટ તરીકે રાજ્યનું ગૌરવ એવા 'સાવજ'ને સ્થાન અપાયું છે. મેસ્કોટને નામ પણ 'સાવજ' આપવામાં આવ્યું છે. આ સાથે જ નેશનલ ગેમ્સની એન્થમ 'જીતેગા ઈન્ડિયા, જુડેગા ઈન્ડિયા' પણ લોન્ચ કરાઇ હતી. આ ઉપરાંત ગુજરાતમાં યોજાનાર નેશનલ ગેમ્સની તમામ માહિતી એક જ સ્થળે મળી રહે તે હેતુસર NGGujarat એપ લોન્ચ કરાઇ હતી. આ અવસર પર શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી સ્ટેડિયમની સાથે શહેરમાં અન્ય સ્પોર્ટ્સ ફેસિલિટીના






નિર્માણ બાદ અમદાવાદ વિશ્વના સૌથી મોટા સ્પોર્ટ્સ સિટી તરીકે ઉભરી આવશે. રાષ્ટ્રીય રમતોને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૧૪ના રમતગમતના ૮૬૬ કરોડના બજેટને આજે ૨૦૦૦ કરોડ સુધી પહોંચાડવામાં આવ્યું છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૫.૯.૨૦૨૨)

## સુરત વિશ્વનું બીજું સૌથી મોટું MMF યાર્ન ઉત્પાદક



કોટન સહિત લગભગ તમામ કુદરતી યાર્નના ભાવમાં વધારાને કારણે દેશમાં માનવ સર્જિત ફાઈબર એટલે MMF યાર્નનો ઉપયોગ અને ઉત્પાદન વધ્યું છે. તેના કારણે MMF યાર્નની વૈશ્વિક નિકાસમાં ભારતનો હિસ્સો વધીને ૧૯ ટકા થયો છે. સુરતમાં કોટન, ઊન, પ્યોર સિલ્ક જેવા MMF યાર્નનું ઉત્પાદન કરવામાં આવે છે. ડ્રેસ મટિરિયલ, પડદા અને ગારમેન્ટમાં તેનો વધુ ઉપયોગ થાય છે. ભારતમાં ૪૬૬ કરોડ ડોલરના માનવ સર્જિત કાપડનું ઉત્પાદન થાય છે. તેમાંથી ૩૦ ટકા MMF યાર્નની નિકાસ કરવામાં આવે છે જેમાં સુરત મોટો હિસ્સો ધરાવે છે. (સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૫.૯.૨૦૨૨)

## અર્બન-૨૦ સમિટ હોસ્ટ કરનાર અમદાવાદ દેશનું પ્રથમ શહેર

ઇન્ડોનેશિયાના જાકાર્તા શહેરમાં ૨૭થી ૨૯ ઓગસ્ટ દરમિયાન બે દિવસીય U20 (અર્બન-૨૦) સમિટ મળી હતી જેમાં આગામી ૨૦૨૩ વર્ષમાં યોજાનારી U20 સમિટ માટે અમદાવાદ શહેરની હોસ્ટ તરીકે પસંદગી થઈ છે. આગામી જાન્યુઆરી ૨૦૨૩માં યોજાનાર આ સમિટમાં દુનિયાના ૨૦ દેશોના મોટા શહેરોના મેયર અને કમિશનર હાજરી આપશે. કલાઇમેટ ઈમરજન્સી અને ઇકોનોમિક ડેવલપમેન્ટ જેવી વૈશ્વિક સમસ્યાનો સામૂહિક સામનો કરવા U20નું ગઠન થયું છે. G20 અને અર્બન શહેરો વચ્ચે સ્થાયી જોડાણને સરળ બનાવવા, G 2 0 ની કાર્યસૂચિમાં શહેરી મુદ્દાઓની રૂપરેખા વધારવા જેવી અનેક બાબતે ચર્ચા કરવા U20માં મંચ પૂરું પાડવામાં આવે છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૧.૯.૨૦૨૨)

Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## વેદાંત પટેલ US વિદેશ મંત્રાલયનું પ્રેસ બ્રિફિંગ સંભાળશે

ભારતીય મૂળના વેદાંત પટેલે અમેરિકન વિદેશ મંત્રાલયના રોજિંદા પ્રેસ બ્રિફિંગને સંબોધિત કરી ઇતિહાસ રચ્યો છે. પ્રિન્સિપાલ ડેપ્યુટી પ્રવક્તા પટેલની કાર્યકુશળતા અને પ્રથમ બ્રિફિંગની વ્હાઇટ હાઉસના વરિષ્ઠ અધિકારીઓએ ખૂબ પ્રશંસા કરી છે. ૩૩ વર્ષના પટેલે વિદેશ મંત્રાલયના 'ફોગી બોટમ' હેડક્વાર્ટરના



બ્રિફિંગ રૂમમાં મીડિયા સમક્ષ અમેરિકાની વિદેશ નીતિના વિવિધ મુદ્દે સરકારનો પક્ષ રજૂ કર્યો હતો જેમાં પટેલે યુક્રેન પર રશિયાના આક્રમણથી માંડી ઈરાન સાથે પરમાણુ કરારની વાટાઘાટ અને બ્રિટનના નવા વડાપ્રધાન લિઝ ટ્રસ સંબંધી બાબતોની ચર્ચા કરી હતી.

(સંદર્ભ : નવગુજરાત સમય, તા. ૮-૯-૨૦૨૨)

## શ્રી સર્વ ગુજરાતી સમાજ, ભાટાપારાના પ્રમુખ બનતા સુરેશ ભાનુશાળી



છત્તીસગઢ ભાટાપારાના શ્રી સર્વ ગુજરાતી સમાજની બેઠકમાં સમાજના નવા પ્રમુખ તરીકે સુરેશ ભાનુશાળીની વરણી કરવામાં આવી છે. સમાજની મીટીંગમાં આગામી નવરાત્રિ પર્વ અંગેના વિવિધ કાર્યક્રમોની રૂપરેખા અંગે ચર્ચાવિચારણા કરી નવરાત્રી પર્વને ધામધૂમથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે સુરેશ ભાનુશાળી અને ઉપપ્રમુખ તરીકે રમેશ શ્રીમાળી તેમજ અન્ય હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

(Source : https://aajkijandhara.com)

## ભારતના વિદેશ મંત્રીએ કહ્યું, 'આપણી વિદેશ નીતિ ગુજરાતીઓ પર નિર્ભર'

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે તેમના અનુવાદિત પુસ્તક 'નવા ભારતની રણનીતિ'નું લોકાર્પણ અમદાવાદના એએમએ ખાતે કર્યું હતું. આ પુસ્તકમાં તેમણે તેમના ૪૦ વર્ષના અનુભવોના ઉલ્લેખો કર્યા છે. શ્રી જયશંકરે કહ્યું હતું કે હું પણ એક



ઓનરી ગુજરાતી છું. વિદ્યાર્થીઓ એ વિદેશનીતિ માટે મિલકત સમાન છે. વિદેશનીતિ એ ગુજરાતીઓ પર નિર્ભર છે કારણ કે તેઓ બહાર વેપાર અર્થે જાય છે. તેનાથી ભારતની વિદેશનીતિને લાભ મળી શકે છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૫.૯.૨૦૨૨)

## લંડનમાં અંગ્રેજો કરતાં પણ ભારતીયો પાસે વધુ પ્રોપર્ટી

પેઢીઓથી યુકેમાં રહેતા ભારતીયો, બિનનિવાસી ભારતીયો (NRIs), અન્યત્ર રહેતા ઈન્વેસ્ટર્સ, અભ્યાસાર્થે યુકે આવનારા વિદ્યાર્થીઓ અને પરિવારોનો સમૂહ લંડનમાં પ્રોપર્ટીની માલિકી ધરાવતા જૂથોમાં સૌથી મોટો હોવાનું લંડનસ્થિત રેસિડેન્સિયલ ડેવલપર બારેટ લંડનનું નિરીક્ષણ છે. આના પછી, ઈંગ્લિશ અને પાકિસ્તાની લોકોનો નંબર આવે છે. યુકે અને ભારતમાં રહેતા ભારતીય રોકાણકારો યુકેની રાજધાની લંડનમાં એક, બે અથવા ત્રણ બેડરૂમ એપાર્ટમેન્ટ ખરીદવા પાછળ ૨.૯થી ૪.૫ પાઉન્ડની રકમ ખર્ચવામાં પાછું વળીને જોતા નથી. ઓવરસીઝ માર્કેટના ૩૦ ટકા પ્રોપર્ટી ઈન્વેસ્ટર્સમાંથી ૮ ટકા ઘર ખરીદનારા ભારતીયો હોય છે. આમ લંડનમાં પ્રોપર્ટીમાલિકો તરીકે ઈંગ્લિશ લોકોની સરખામણીએ ભારતીયો ઘણા આગળ છે. એક હકીકત એ છે કે મોટા ભાગના ભારતીયો પોતાની કમાણીનો ચોક્કસ હિસ્સો બચત કરે છે જેમાંથી તે ઈન્વેસ્ટમેન્ટ કરે છે.

(Source : www.gujarat-samachar.com)

## નલિન શાહ ગુજરાતી સમાજ, કોરબાના પ્રમુખ બન્યા

કોરબા (છત્તીસગઢ) ખાતે ગુજરાતી સમાજ ભવનમાં શ્રી ગુજરાતી સમાજની સામાન્ય સભા મળી હતી જેમાં સંરક્ષક મનોજ શર્માએ નલિનભાઈ શાહને સમાજના નવા પ્રમુખ જાહેર કર્યા હતા.



તેઓ ટૂંક સમયમાં તેમની કારોબારીની જાહેરાત કરશે. અગાઉ સમાજની સામાન્ય સભા મળી હતી જેમાં પ્રમુખ તરીકે નલિન શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તેમની મુદત બે વર્ષ માટે રહેશે. વિદાય લેતા પ્રમુખ ધીરેન સંઘવીએ તેમના કાર્યકાળ દરમિયાન સમાજના હોદ્દેદારો, કારોબારી સભ્યો, અન્ય સભ્યો તરફથી મળેલા સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

(Source : https://khatpatnews.com)

## ગુજરાતી પાટીદાર સમાજની બેઠકમાં સમૂહ લગ્નોત્સવની ચર્ચા

હરિપ્રસાદ પાટીદાર અને રામલાલ પાટીદારના આતિથ્યમાં તાજેતરમાં રાજસ્થાનના ડુંગરપુર ખાતે આવેલા સમાજ ભવનમાં ગુજરાતી પાટીદાર સમાજની સામાજિક સમિતિ અને સમુહ લગ્ન સમિતિ, ટ્રસ્ટ મંડળ, યુવા સમિતિની સંયુક્ત બેઠક યોજાઈ હતી જેમાં વસંત પંચમીના રોજ આગામી સમૂહલગ્નનું આયોજન કરવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ સમૂહ લગ્નોત્સવમાં વધુને વધુ યુગલો જોડાય તે માટે સંપર્ક વધારવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સમાજના અગ્રણીઓએ ભાગ લઈ પોતાના મંતવ્યો આપ્યા હતા. પંકજ પાટીદાર દ્વારા સહુનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

(Source : www.bhaskar.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડૉલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# ગુજરાતના સાંસ્કૃતિક વનો

ભારતીય સંસ્કૃતિના વેદો, પુરાણો, ઉપનિષદો જેવા પૌરાણિક ગ્રંથોમાં માનવ સમાજ અને વૃક્ષો વચ્ચેના સંબંધોનો નિર્દેશ જોવા મળે છે. પૌરાણિક કાળમાં આપણા પૂર્વજોનો વસવાટ અને સહવાસ વૃક્ષો તથા વેલાઓના સાનિધ્યમાં રહેતો હતો. પૂર્વજોએ પ્રાચીન સમયથી આ વિષયોનો ગહન અભ્યાસ કરી આ અંગેની માહિતી સંગ્રહીત કરી છે. તેમને સુખ, શાંતિ, સમૃધ્ધિ અને આરોગ્ય માટે વૃક્ષોની અગત્યતા સમજાઇ હતી. તેથી જ તેઓ વૃક્ષોની પૂજા કરતા હતા. હાલમાં પણ આપણા મોટાભાગના ધાર્મિક તહેવારોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વૃક્ષોની પૂજા થાય છે. વૃક્ષોની માનવ સમાજ પર સીધી અસર થાય છે એવો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથો તેમજ ખાસ કરીને ચિકિત્સાશાસ્ત્રોમાં છે. આજનો માનવ જ્યોતિષશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, આયુર્વેદ વગેરે વિષયોમાં વધુ વિશ્વાસ રાખતો થયો છે ત્યારે આજના વૈજ્ઞાનિક યુગમાં આયુર્વેદિક, એલોપેથીક, હોમીયોપેથિક તેમજ બાયોકેમીકલ દવાઓ બનાવવામાં વૃક્ષો, વેલા, વનસ્પતિના મૂળ, છાલ, પાન, ફૂલ, ફળ ઉપયોગી થાય છે, તે સર્વવિદિત હકીકત છે. કેટલાક વૃક્ષોનું વાવેતર કરવાથી અનિષ્ટ તત્વો દૂર થાય છે અને વ્યક્તિના જીવન ઉપર તેની હકારાત્મક અસર થતી હોવાની પણ માન્યતા છે. વૃક્ષોની આવી અસરો વિશે આધુનિક વિજ્ઞાન કદાચ સંમત ન પણ થાય પરંતુ આપણી પરંપરાથી ચાલી આવતી માન્યતાઓ તેમજ આપણા પ્રાચીન ગ્રંથોમાં દર્શાવ્યા પ્રમાણે દરેક ગ્રહ, નક્ષત્ર, રાશિ સાથે તેનું આરાધ્ય વૃક્ષ વર્ણવેલું છે. ગ્રહ, નક્ષત્ર, રાશિ, ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્રબિંદુમાં રાખી કરેલ વૃક્ષ વાવેતર અને વૃક્ષ સંરક્ષણથી માનવ સમાજ ઉપર હકારાત્મક અસર થાય છે. ભારતની વિવિધ સંસ્કૃતિઓને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ વૃક્ષ વાવેતરોને સામાન્ય રીતે 'સાંસ્કૃતિક વનો' તરીકે ઓળખવામાં આવે છે.




## ૧. 'પુનિત વન' - ગાંધીનગર



ગુજરાત રાજ્યના તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સને ૨૦૦૪માં વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર, સેકટર-૧૮ ખાતે 'પુનિત વન' સાકાર થયું. અહીં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિંદુમાં રાખી જુદા-જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ હોઇ, સમગ્રપણે આ વાવેતરનું નામ 'પુનિત વન' રાખવામાં આવ્યું છે. ૬ હેકટરની જમીનમાં આ વન ફેલાયેલું છે. આ પુનિત વનમાં નક્ષત્ર વન, રાશિ વન, નવગ્રહ વન, પંચવટીની રચના કરવામાં આવી છે. શિવલીંગ જેવો આકાર દેખાય તે પ્રમાણે બીલીના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. પુનિત વન એ ફક્ત વનસ્પતિઓનો શાસ્ત્રીય સંગ્રહ નથી, પરંતુ દરેક ઉંમરના લોકો માટેનો આધુનિક, રમણીય બગીચો છે. પગદંડી, એમ્ફી થીયેટર, વનકુટીર, ફુવારો તેની રમણીયતામાં વધારો કરે છે. સમગ્રપણે જોતાં પુનિત વન એ પ્રાચીન સંસ્કૃતિ અને આસ્થા સાથે વૃક્ષારોપણ કાર્યક્રમને વેગવંતો બનાવવા માટે મહત્વનો ફાળો આપનાર દેશનું એક અનેરું કેન્દ્ર બની રહે છે. ઉપરાંત તે ગાંધીનગરનું એક મહત્વનું પર્યટન સ્થળ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા. ૦૬-૦૭-૨૦૦૪ના રોજ પુનિત વનનું ઉદ્ઘાટન કરી તેને લોકો માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

## ૨. 'માંગલ્ય વન' - અંબાજી



સને ૨૦૦૪ સુધી દર વર્ષે રાજ્યકક્ષાનો વનમહોત્સવ ગુજરાતના પાટનગર ખાતે યોજવાની વર્ષો જુની પ્રણાલી ૨૦૦૫માં ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી બદલવામાં આવી અને ગુજરાત રાજ્યની સ્થાપના પછી સૌ પ્રથમ વખત રાજ્યકક્ષાનો વનમહોત્સવ રાજ્યના પાટનગરની બહાર યોજવાનો નવતર અભિગમ અપનાવાયો. રાજ્યના જુદાજુદા જિલ્લાઓમાં દર વર્ષે રાજ્યકક્ષાના વનમહોત્સવનું આયોજન કરી વધુને વધુ લોકોને વૃક્ષ વાવેતર કાર્યક્રમમાં સક્રિય રીતે સાંકળવાનો મુખ્ય ઉદ્દેશ તેમાં સમાયેલ છે. જેના પરિણામ રૂપે અંબાજી ખાતે 'માંગલ્યવન' નિર્માણ પામ્યું છે. આ વન ૩.૫ હેકટર જમીનમાં ફેલાયું છે. ૫૧ શક્તિપીઠો પૈકીનું એક અંબાજી સમગ્ર ભારતની આસ્થાનું કેન્દ્ર છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પૂર્વ ભાગમાં અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે અમદાવાદથી આશરે ૧૮૦ કિ.મી.ના અંતરે આવેલ અંબાજીના દર્શન કરવા ભાદરવા માસમાં લાખો શ્રદ્ધાળુઓ પગપાળા જાય છે, જે એક અદ્વિતીય પ્રસંગ છે. જુદી જુદી ધાર્મિક મહત્વ ધરાવતી વૃક્ષવાટિકાઓ જેવી કે નક્ષત્ર વન, નવગ્રહ વન, રાશિ વન અહીં બનાવવામાં આવેલ છે. નવપરણિત ૫૦૧ નવયુગલો દ્વારા કરવામાં આવેલ વૃક્ષ વાવેતર એ માંગલ્યવનનો ચિરસ્મરણીય પ્રસંગ છે. જુદા જુદા રંગના રોપાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૐ આકારની 'ઓમ વાટિકા' તથા સરોવરના એક કિનારેથી સામેના કિનારે જવા માટે બનાવેલ લાકડાનો ગાર્ડન બ્રીજ આ જગ્યાનું અનેરું આકર્ષણ છે. ૫૬મા વનમહોત્સવ દરમ્યાન તા. ૧૭-૦૭-૨૦૦૫ના રોજ માંગલ્ય વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## ૩. 'તીર્થંકર વન' - તારંગા



ગુજરાતના મહેસાણા જિલ્લામાં અમદાવાદથી આશરે ૧૨૦ કિ.મી. દૂર આવેલું તારંગા જૈન ધર્મનું અગત્યનું યાત્રાધામ છે. અહીં ભગવાન અજીતનાથજીનું પુરાણું મંદિર હેરીટેજ સાઇટ છે જેનું સ્થાપત્ય ખૂબ જ સુંદર છે. સોલંકી વંશના રાજા કુમારપાળ દ્વારા આ મંદિર બંધાવવામાં આવ્યું હતું. તારંગા એ ધાર્મિક સ્થળની સાથેસાથે પ્રવાસ ધામ તરીકે પણ મહત્વ ધરાવે છે. દર વર્ષે લાખો યાત્રાળુઓ તથા પ્રવાસીઓ આ સ્થળની મુલાકાતે આવે છે. જૈન ધર્મના ૨૪ તીર્થંકરોએ વૃક્ષ નીચે 'કૈવલજ્ઞાન' પ્રાપ્ત કર્યું હતું. આ બધા વૃક્ષો કેવલી વૃક્ષો તરીકે જૈનોમાં આદર ધરાવે છે. આ સ્થળ જૈન ધર્મનું મહત્વનું યાત્રાધામ હોવાથી ૨૦૦૬માં અહીં કેવલી વૃક્ષો ધરાવતું 'તીર્થંકર વન' તૈયાર કરવામાં આવ્યું છે. ૫.૪ હેકટર જમીનમાં ફેલાયેલા આ સ્થળ પર તીર્થંકર વનની રચના કલ્પવૃક્ષ યંત્ર પ્રમાણે કરવામાં આવી છે. અહીં રાશિ વન, નક્ષત્ર વન, નવગ્રહ વન, શ્રીપણી વન, વન કુટિર, બાળ ઉદ્યાન બનાવવામાં આવ્યા છે. અરવલ્લી પર્વતમાળાના પશ્ચિમ ભાગમાં અને સાબરમતી નદીના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા આ 'તીર્થંકર વન'ને પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવ્યું છે. ૫૭મા વનમહોત્સવ દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા. ૧૩-૦૭-૨૦૦૬ના રોજ તીર્થંકર વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## ૪. 'હરિહર વન' - સોમનાથ




ભારતના ૧૨ જ્યોતિર્લિંગ પૈકીના એક એવા સોમનાથ મંદિરે દર વર્ષે લાખો પ્રવાસીઓ આવે છે. ૨૦૦૭માં સોમનાથ ખાતે 'હરિહર વન' તૈયાર કરવામાં આવ્યું છે જે ૧.૬ હેક્ટર જમીનમાં ફેલાયેલું છે. કેટલાંક નવા વિચારો સાથે અહીં શિવપંચાયતન વન, શ્રીકૃષ્ણ ગોલોકધામ વન, હરિશંકરી વન, રુદ્રાક્ષ વન, જ્યોતિર્લિંગ વન, સપ્તર્ષિ વન, પંચવલ્કલ વન, સ્મૃતિ વન જેવી વૃક્ષ વાટિકાઓ તૈયાર કરવામાં આવી છે. દરિયા કિનારે આવેલું આ એક નાનું સાંસ્કૃતિક વન હોવા છતાં સોમનાથ મંદિર પાસે આવેલું હોવાથી લોકોને આકર્ષે છે. ૫૮મા વનમહોત્સવ દરમ્યાન તા. ૨૩-૦૭-૨૦૦૭ના રોજ તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## ૫. 'ભક્તિ વન' - ચોટીલા



૫૯મા વન મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે ૨૦૦૮માં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે 'ભક્તિ વન' તૈયાર કરવામાં આવ્યું છે. રાષ્ટ્રિય ધોરીમાર્ગ નં. ૮ ઉપર અમદાવાદથી આશરે ૧૭૦ કિ.મી. દૂર આવેલું ચોટીલા પવિત્ર યાત્રાધામ છે. ચોટીલાના ડુંગર ઉપર મા ચામુંડાનું સુપ્રસિધ્ધ મંદિર આવેલું છે. 'ભક્તિ વન'નો આશરે ૧૨ એકર (૫.૮ હેક્ટર) જેટલો વિસ્તાર મુખ્યત્વે તુલસીકુંડ, ભક્તિવન અને પુનિત વન એમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. ઉપરાંત અહીં રોપ વિતરણ કેન્દ્ર, વન કુટીર અને ફુવારો બનાવવામાં આવ્યો છે. 'નિરોગી બાળ વર્ષ'ને

ધ્યાનમાં રાખી આયુર્વેદિક મહત્વ ધરાવતી વિવિધ વનસ્પતિઓનું 'નિરોગી બાળ વન' ઊભું કરવામાં આવ્યું છે. ૫૯મા રાજ્ય કક્ષાના વનમહોત્સવ દરમ્યાન તા. ૧૮-૭-૨૦૦૮ના રોજ ભક્તિ વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### ૬. 'શ્યામલ વન' - શામળાજી



૨૦૦૯ના ૬૦મા વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સાબરકાંઠા જિલ્લાના શામળાજી ખાતે 'શ્યામલ વન' બનાવવામાં આવ્યું છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ઉપર અમદાવાદથી આશરે ૧૨૭ કિ.મી. દૂર અહીં ભગવાન વિષ્ણુનું વિખ્યાત શામળાજી મંદિર આવેલું છે. કોપીસીંગ પ્રકારના વૃક્ષઆવરણ ધરાવતાં બે ડુંગરોની વચ્ચે આ જગ્યા આવેલી છે, જે શ્યામલ વનની સુંદરતામાં વધારો કરે છે. કોતરણીવાળું મુખ્ય પ્રવેશદ્વાર, દશાવતાર વન, નક્ષત્ર વન, રાશિ વન, ધનવંતરી વન, દેવ વન, સ્મૃતિવન અને ગ્રહ વાટિકા દ્વારા વિવિધ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. ઉપરાંત ૬.૩ હેકટરના વિસ્તારમાં ફુવારો, લોન વિસ્તાર, બાળકો માટે રમતનું ક્રિડાંગણ, વનકુટીર, ખેત વનીકરણ નિદર્શન પ્લોટ, આધુનિક નર્સરી, બામ્બુ સિટમ, ઇન્ટરપ્રિટેશન સેન્ટર, ટ્રી મ્યુઝીયમ પણ અહીં બનાવાયા છે. વનમહોત્સવ દરમ્યાન મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૧૮-૭-૨૦૦૯ના રોજ શ્યામલ વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### ૭. 'પાવક વન' - પાલીતાણા



પાલીતાણા જૈન ધર્મનું પ્રસિદ્ધ યાત્રાધામ છે. ૬૧મા સ્વર્ણિમ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વર્ષ ૨૦૧૦માં અહીં 'પાવક વન'નું નિર્માણ કરી તા. ૩૦-૭-૨૦૧૦ના રોજ મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીં ૭.૪ હેક્ટર જમીનમાં અમૃત મહોત્સવ વન, વિહંગ વન, રાયણ વન, ડમરા વાટિકા વન, આરોગ્ય વન, સુશ્રુત વન, તીર્થંકર વન, રાશિ વન, નક્ષત્ર વન, શેત્રુંજ્ય વન, કમળકુંડ વન જેવા વનો ઊભા કરવામાં આવ્યા છે. તદ્ઉપરાંત લોન વિસ્તાર તથા બાળકો માટે ક્રિડાંગણ બનાવવામાં આવ્યું છે. 'પાવક વન'માં ૯૫ જાતના વૃક્ષો વાવવામાં આવ્યા છે જેમાં મુખ્યત્વે વડ, બોરસલી, બીલી, પીપળો, ઉમરો, મહુડો, ગરમાળો, કડાયો, ગુગળ, કદમ્બ, ડમરો, તુલસી, રૂખડો, સીસુ, વાંસ, બોગનવેલ, ટેકોમા વગેરે જાતોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

### ૮. 'વિરાસત વન' - પાવાગઢ



પંચમહાલ જિલ્લામાં પ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢની તળેટીમાં જેપુરા ગામે ૨૦૧૧માં ૬૨મા વન મહોત્સવ નિમિત્તે ૬.૫ હેકટરમાં 'વિરાસત વન' નિર્માણ પામેલ છે. પાવાગઢ (ચાંપાનેર) આધ્યાત્મિક, ઐતિહાસીક, ભુસ્તરીય, પુરાતત્વીય મહત્વ અને સુંદરતમ પરિસર ધરાવે છે. આ વિસ્તારને યુનેસ્કો દ્વારા ૨૦૦૪માં વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આવી આગવી વિશેષતાના કારણે આ સ્થળની સાંસ્કૃતિક વન નિર્માણ માટે પસંદગી કરવામાં આવી છે. લોકોને વૃક્ષ ઉછેર સાથે સાંકળવાના હેતુસર આ વનને આનંદ વન, આરોગ્ય વન, આરાધ્ય વન, સાંસ્કૃતિક વન, આજીવીકા વન, નિસર્ગ વન અને જૈવિક વન એમ ૭ થીમ આધારીત વિકસાવવામાં આવ્યું છે. અહીં પાવાગઢનું મહત્વ સમજાવતી માહિતી સભર પેનલો અને મોડેલ બનાવવામાં આવ્યા છે. 'વિરાસત વન'ના મુખ્ય આકર્ષણ તેનું પ્રવેશદ્વાર, કલાત્મક પુલો, સુશોભિત તળાવો, ફુવારાઓ, વનકેડીઓ, વન્યપ્રાણીના મોડેલ, ભુમિ-ભેજ સંરક્ષણ વ્યવસ્થાનું નિદર્શન, સુંદર ફુલોની ક્યારીઓ, બાળ ક્રીડાંગણ, ઘાસનું મેદાન છે. ૬૨મા વન મહોત્સવ દરમ્યાન તા. ૩૧-૭-૨૦૧૧ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા વિરાસત વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### ૯. 'ગોવિંદ ગુરુ સ્મૃતિવન' - માનગઢ



૨૦૧૨માં રાજ્યકક્ષાના ૬૩મા વન મહોત્સવની ઉજવણી મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના માનગઢ ખાતે કરવામાં આવી હતી. આ સ્થળ સંતરામપુરની દક્ષિણે ૨૫ કિ.મી. દૂર આવેલું છે. અહીં અંગ્રેજોની વેઠ-મજુરી વિરૂધ્ધ અવાજ બુલંદ કરનાર આદિવાસીઓએ 'ગોવિંદ ગુરુ' રાહબરી હેઠળ તા.૧૭-૧૧-૧૯૧૩ના રોજ ૧૫૦૦થી વધારે સંખ્યામાં શહીદી વહોરી હતી. આ બલિદાન ભાવી પેઢીને હંમેશા યાદ રહે અને પ્રેરણાસ્રોત બની રહે તે હેતુસર માનગઢની પર 'ગોવિંદ ગુરુ સ્મૃતિવન'નું નિર્માણ ૫ હેક્ટર જમીન પર કરવામાં આવ્યું છે. ગોવિંદગુરુના મહાન કાર્યો અંગે જનજાગૃતિ ફેલાવવા માટે એક પ્રદર્શન કક્ષ, શહીદોની સ્મૃતિમાં અમર જ્યોતિસ્તંભ તથા શહીદ વન, પર્યટકોના વિશ્રામ માટે વિશ્રામ કુટિર, ઘાસની લોન તથા વિશ્રામગૃહ, કલાત્મક પ્રવેશદ્વાર, તુલસી વન, કમળકુંડ, રાશિ વન, નક્ષત્ર વન, બિલ્વ વન તથા માનગઢની આસપાસની દૃશ્યાવલીની ઝાંખી કરાવતો એક નિસર્ગ ઝરૂખો બનાવાયેલ છે. ૬૩મા વન મહોત્સવની ઉજવણી નિમિત્તે અહીં આશરે ૫૦૦૦ વૃક્ષો તથા તેની આજુબાજુના વન વિસ્તાર તેમજ લોકોના ખેતરોમાં આશરે ૧ લાખ વૃક્ષો ઉછેરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આશરે પચાસ હજાર જેટલી જનમેદની હાજર રહી હતી. આ વન તા. ૩૦-૭-૨૦૧૨ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકો માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

### ૧૦. 'નાગેશ વન' - નાગેશ્વર (દ્વારકા)



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાથી ૧૭ કિ.મી. દૂર, દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના એક એવા નાગેશ્વર મુકામે તા. ૦૨-૦૮-૨૦૧૩ના રોજ ૬૪મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા અને પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ નાગેશ્વર બંને ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અતિ પ્રાચીન અને મહત્વના સ્થળો છે. નાગેશ્વર મંદિરની બાજુમાં ૬ હેક્ટર વિસ્તારમાં 'નાગેશ વન'નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વનમાં નવગ્રહ વન, નક્ષત્ર વન, રાશિ વન, પંચવટી વન, ચરક વન, ગુગળ વન, તુલસી વન, બીલી વન, વડ-પીપળ વાટિકા અને પામ ગ્રુવ તૈયાર

કરવામાં આવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણએ દારૂકા રાક્ષસનો વધ આ જગ્યાએ કર્યો હતો જેની યાદમાં 'દારૂકા વન' પણ ઊભું કરવામાં આવ્યું છે. ઉપરાંત માન સરોવરના ફરતે જાંબુ, અર્જુન, સાદડ, વડ, પીપળ અને દેશી બાવળનું વાવેતર કરીને સુશોભિત કરવામાં આવ્યું છે.

### ૧૧. 'શક્તિવન' - કાગવડ (જેતપુર)



૬૫મા વન મહોત્સવની ઉજવણી રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખોડલધામ, કાગવડ ખાતે કરવામાં આવી હતી જે અંતર્ગત 'શક્તિવન'નું લોકાર્પણ તા.૩૦/૦૭/૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. ૭.૫ હેક્ટર વિસ્તારમાં વિકસાવવામાં આવેલ આ શક્તિવનમાં છાયાદાર, ઘટાદાર, ઔષધિય તેમજ જ્યોતિષ શાસ્ત્ર અને સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્વ ધરાવતાં ૮૩,૭૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. ખોડલધામમાં ખોડલ માતાનું મંદિર પણ નિર્માણ પામેલ છે. ખોડલધામ રાજકોટથી આશરે ૭૦ કિ.મી દૂર અને ઔદ્યોગિક રીતે જાણીતા એવા જેતપુરથી આશરે ૧૩ કિ.મી દૂર આવેલું છે. 'શક્તિવન'નું પ્રવેશદ્વાર શક્તિના પ્રતિકરૂપે બનાવવામાં આવેલ છે. ઉપરાંત કમળકુંડ, ગુજરાતની અસ્મિતા સમાન સાવજનું મોડલ, જળ શક્તિની અનુભૂતિ કરાવતો પાણીનો ધોધ, ખોડલધરો અને નયનરમ્ય તળાવ, નારીને આદર આપતું શિલ્પ, વન ઔષધિથી ઉપચારની સમજ આપતું 'વિશ્વાયુષ વન', શક્તિના પાંચ સ્વરૂપનું મહત્વ દર્શાવતા વૃક્ષનું મોડલ જેવા અનેક આકર્ષણો અહીં બનાવાયા છે. ઉપરાંત પંચવટી, કદમકુંજ, નવગ્રહ વન, ચંદન વાટિકા, અશોક વાટિકા, બીલ્વવન, નક્ષત્ર વન, રાશિ ઉપાસ્ય વન, વાંસના કુંજ, શ્રીપર્ણી વન અને મુલાકાતીઓને પર્યાવરણલક્ષી માહિતી પ્રદાન કરતું ઇન્ટરપ્રિટેશન કેન્દ્ર પણ અહીં છે. નોંધનીય બાબત એ છે કે લોકજાગૃતિ અને લોકભાગીદારી દ્વારા ૧,૧૧૧ રોપાનું બાલ કન્યાઓ અને વરિષ્ઠ નાગરિકો દ્વારા વાવેતર કરવામાં આવ્યું છે.

### ૧૨. 'જાનકી વન' - વાંસદા




વર્ષ ૨૦૧૫માં ૬૬મા વન મહોત્સવની ઉજવણી નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલ ભિનાર ખાતે કરવામાં આવી જે અંતર્ગત 'જાનકી વન'નું લોકાર્પણ તા.૦૨/૦૮/૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. ૯.૬૪ હેક્ટર ગૌચર અને ૬ હેક્ટર રીઝર્વ ફોરેસ્ટ મળી કુલ ૧૫.૬૪ હેક્ટર વિસ્તારમાં ગુજરાતના દક્ષિણે આવેલ કુદરતી સૌદર્યથી છલકાતા વિસ્તારમાં 'જાનકી વન' સાકાર થયું છે. અહીં ચંદન વન, નવગ્રહ વન, આમ્ર વન, સિંદૂરી વન, પંચવટી વન, અશોકવાટિકા, દેવફળ વન, વાલ્મીકી વન, આશ્રમ વન, દશમુળ વન, કાજુ વન, વડ વન, નક્ષત્ર વન, રાશિ વન, રામાયણ વન, બીલી વન, પરિચય કેન્દ્ર, કેફેટેરીયા, આદિવાસી હાટ, બાલવાટિકા જેવા પ્રકલ્પોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આદિવાસી લોકનૃત્યના વાજિંત્રોનું મ્યુરલ તથા આદિમાનવનું મ્યુરલ, નારીશક્તિ શિલ્પ, ઉનાઈ માતાજીનું મ્યુરલ, વાંસની વિવિધ બનાવટો ઉપરાંત મુખ્ય પ્રવેશ દ્વાર, વાલ્મિકી કુટિર વગેરે જાનકી વનના મુખ્ય આકર્ષણો છે.

### ૧૩. 'મહિસાગર વન' - આણંદ



૬૭મા વન મહોત્સવની ઉજવણી આણંદ જિલ્લાના વહેરાખાડી તાલુકા ખાતે કરવામાં આવી હતી જે અંતર્ગત 'મહિસાગર વન'નું લોકાર્પણ તા.૨૭/૦૭/૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું છે. ૬ હેક્ટર વિસ્તારમાં વિકસાવાયેલ આ વનમાં રાશિ વન, નક્ષત્ર વન, જૈવિક વન, ચંદન વન, નારિયેળી વન, કદમ્બ વન, નવગ્રહ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં કુલ ૧,૦૬,૨૯૨ રોપા રોપવામાં આવ્યા છે. સરદાર પટેલનું સ્ટેચ્યુ, મ્યુરલ વોલ, ક્રોકોડાઈલ સ્કલ્પચર, ગઝીબો, સારસ પક્ષી સ્કલ્પચર અને મહિસાગર નદીનો કિનારો અહીંના મુખ્ય આકર્ષણો છે.

### ૧૪. 'આમ્ર વન' - વલસાડ



૨૦૧૬માં વન મહોત્સવની ઉજવણી અંતર્ગત વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલ બાલચૌઢી ખાતે 'આમ્ર વન'નું લોકાર્પણ તા.૩૦/૦૭/૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. ૫ હેક્ટર વિસ્તારમાં આમ્ર વન સાકાર થયું છે. અહીં રાશિ વન, નક્ષત્ર વન, નવગ્રહ વન, પંચવટી વન, આરોગ્ય વન, આમ્ર વન જેવા સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં કુલ ૧,૬૨,૫૪૧ રોપા રોપવામાં આવ્યા છે. આંબાની ખેતી અંગે વૈજ્ઞાનિક પરિચય, આંબા અંગેની વિસ્તૃત માહિતી, વન કુટીર, નક્ષત્ર વન, નવગ્રહ વન, આરોગ્ય વન, આમ્ર વન અને પૌરાણિક શિવ મંદિર અહીંના મુખ્ય આકર્ષણો છે.

### ૧૫. 'એકતા વન' - સુરત



૨૦૧૬માં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં આવેલ મોતા ખાતે ૭ હેક્ટર વિસ્તારમાં 'એકતા વન'નું નિર્માણ તા.૦૪/૦૮/૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. અહીં રાશિ વન, નક્ષત્ર વન, પંચવટી વન, અમર વન, કોઠ વન, રાયણ વન, ચંદન વન, સેતુર વન, નિલગીરી વન, આયુર્વેદિક વન, સિંદુરી વન, કદમ વન, આમલી વન, ખટુમળા જેવા સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં કુલ ૯,૭૦૭ રોપા રોપવામાં આવ્યા છે. સરદાર પટેલ સ્મારક અને એકતા સ્થંભ, ફુવારા, વન કુટીર, જુદાજુદા ઔષધિય વન, બાળકો માટે ક્રીડાંગણ, વિવિધ ફૂલોની ફૂલવટી, કસરતના સાધનો અહીંના આકર્ષણો છે.

### ૧૬. 'શહીદ વન' - જામનગર



જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ભુચરમોરી ખાતે 'શહીદ વન'નું નિર્માણ તા.૨૪/૦૮/૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. ૧૦ હેક્ટર વિસ્તારમાં સાકાર થયેલ આ વનમાં એક લાખથી વધુ રોપા થકી રાશિ વન, નક્ષત્ર વન, નવગ્રહ વન, બીલી વન, પંચવટી વન, તુલસી વન, વડવાટિકા, હાલાર વન, સોરઠ વન,

ઝાલાવાડ વન, ગોહિલવાડ વન, આજીવિકા વન, આરોગ્ય વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. વનદેવી મ્યુરલ, શહીદ જામઅજાજીનું સ્ટેચ્યુ, રંગીન ફુવારો અને ઉજાણીગૃહ અહીંના આકર્ષણો છે.

## ૧૭. 'વીરાંજલી વન' - પાલ



૬૮મા વન મહોત્સવની ઉજવણી સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલ પાલ ખાતે કરવામાં આવી હતી જે અંતર્ગત એક લાખથી વધુ રોપા થકી 'વીરાંજલી વન'નું નિર્માણ તા. ૧૬/૦૭/૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. ૬ હેક્ટર વિસ્તારમાં સાકાર થયેલ આ વનમાં નક્ષત્ર વન, નવગ્રહ વન, રાશિ વન, પંચવટી વન, દેવવન, ઔષધીય વન, સ્મૃતિવન, આજીવિકા વન, રજવાડી પ્રવેશદ્વાર, મોતીલાલ તેજાવતનું સ્ટેચ્યુ, ભુલભુલૈયા, લક્ષ્મીકુંડ, ઈન્ટરપ્રીટેશન સેન્ટર, ગજીબો, બાલ ક્રિડાંગણ, એમ્ફી થીયેટર, વોટર ફોલ, કાંતિ મશાલ, ફુવારા, વ્યુ પોઈન્ટ, વોચ ટાવર, મ્યુરલ વોલ, ચબુતરો, વાઘ, સિંહ, પક્ષીઓના સ્ટેચ્યુ, લોન ગાર્ડન, હેંગીંગ ટનલ, ડાયનોસોર, હીપોપોટેમસ, થ્રી-ડી ચશ્મા જેવા આકર્ષણોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## ૧૮. રક્ષક વન - કચ્છ



૨૦૧૮ના ૬૯મા વન મહોત્સવના ભાગરૂપે ભુજ પાસેના રૂદ્રમાતા ડેમ ખાતે ૧૧ હેક્ટરમાં રાજ્યના સૌથી મોટા સાંસ્કૃતિક વન 'રક્ષક વન'નું નિર્માણ કરાયું છે. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય બોર્ડરના કારણે ડિફેન્સની ત્રણેય પાંખ તથા બીએસએફ, કોસ્ટગાર્ડની ઉપસ્થિતિને લીધે ખરા અર્થમાં દેશના રક્ષક તરીકેની કામગીરીને ધ્યાનમાં રાખવાના ઉદ્દેશ્ય સાથે આ વન નિર્માણ પામ્યું છે. સાથે જ માધાપરની મહિલાઓએ ડિસેમ્બર-૧૯૭૧માં ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ભૂજ ખાતેના એરફોર્સની હવાઇપટ્ટીને થયેલા નુકસાનના સમારકામની કામગીરી કરી હતી. રક્ષક વનના મુખ્ય આકર્ષણોમાં રક્ષક દ્વાર, વોલ મ્યુરલ્સ જેમાં એકમાં માતા રુદ્રાણીની વાર્તા, ત્રણમાં માધાપરની વીરાંગનાઓની યુદ્ધગાથા અને આઠ ભીંતચિત્રો આર્મી, નેવી અને એરફોર્સના વિવિધ લડાયક શસ્ત્રો અંગેના છે. અહીં આરોગ્ય વન, રાશિ વન, ખજૂરી વન, દેવ વન, નક્ષત્ર વન, કેકટસ વન બનાવવામાં આવ્યા છે. ત્રણ ઝૂલતા પુલો સાથે ભૂમિ અને ભેજ સંરક્ષણના કામો ઉપરાંત શિશુવાટિકા અને ઓપન જીમ, વોટર ફોલ, કલાત્મક ફેન્સિંગ, શૌર્ય શિલ્પ, બે કિલોમીટરની પગદંડી વગેરેનો સમાવેશ થાય છે.

## ૧૯. જડેશ્વર વન - ઓઢવ

૨૦૧૯માં અમદાવાદના ઓઢવમાં રાજ્યકક્ષાના ૭૦મા વન મહોત્સવ અંતર્ગત ૮.૫૫ હેક્ટરમાં નિર્માણ પામેલા 'જડેશ્વર વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. 'જડેશ્વર વન' સિમેન્ટ કોન્ક્રિટના જંગલ વચ્ચે હરિયાળા વૃક્ષો થકી અમૃત સમાન શુદ્ધ પ્રાણવાયુ પૂરો પાડી રહ્યું છે. ઓઢવ વિસ્તારમાં આવેલું જડેશ્વર વન ગુજરાતનું પહેલું એવું વન છે જે ડમ્પિંગ સાઇટ ઉપર નિર્માણ પામ્યું છે. પહેલા અહીં આસપાસના વિસ્તારનો કચરો ડમ્પ કરવામાં આવતો હતો. આ પ્લોટમાં વિવિધ પ્રજાતિના કુલ ૨.૮૫ લાખથી વધારે ફૂલછોડ અને વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ વનમાં કમળકુંડ અને તેના ઉપર કમાન આકારના ઝુલતા પુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં આશરે એક કિ.મી લાંબા વોકિંગ ટ્રેકની સુવિધા ઊભી કરવામાં આવી છે જ્યાં બને તરફ દર ૧૦૦ મીટર પર વિવિધ ઋતુઓમાં જુદા-જુદા રંગના ફૂલોથી શોભતા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.



## ૨૦. રામ વન – રાજકોટ

વર્ષ ૨૦૨૦માં ૭૧મા વન મહોત્સવ અંતર્ગત રાજકોટના આજીડેમ ખાતે રામ વનનું નિર્માણ કરાયું હતું.

## ૨૧. મારુતિનંદન વન - કલગામ



મારુતિનંદન શ્રી હનુમાનજીને સમર્પિત ગુજરાતના ૨૧મા સાંસ્કૃતિક વન 'મારુતિનંદન વન'નું લોકાર્પણ ૭૨મા વન મહોત્સવની ઉજવણી પ્રસંગે ઓગસ્ટ ૨૦૨૧માં કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાનું કલગામ હનુમાન મંદિર ધાર્મિક સ્થળ તરીકે પ્રસિદ્ધ છે અને નજીકમાં નારગોલા બંદરનો રળિયામણો બીચ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હોઇ આ વિસ્તારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા આ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ૧૩૫ જાતની વનસ્પતિઓના ૨૭.૫ લાખથી વધુ રોપાનું વાવેતર કરાયું છે. ૪ હેક્ટર વિસ્તારમાં નવગ્રહ વન, રાશિવન, નક્ષત્ર વન, સંજીવની વન, સિંદૂરીવન, કિસ્કિનધાવન, પંચવટીવન, બુલબુલિયાવન, ગાર્ડન ઓફ કલર, ગાર્ડન ઓફ ફ્રેગરન્સ, ચિરંજીવી વન, યોગા ગાર્ડન ઉપરાંત બાળકો માટે બટરફ્લાય ગાર્ડન, બાલવાટીકા, રામસેતુ, લક્ષ્મણ ઝુલાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ આદિવાસી વિસ્તાર હોઇ આદિવાસી સમાજમાં પૂજાતા વાઘદેવ, નાગદેવ, સૂર્યદેવ, મોર દેવની ખાંભીઓ મૂકવામાં આવી છે.

## ૨૨. વટેશ્વર વન - દૂધરેજ




૭૩મો વન મહોત્સવ સુરેન્દ્રનગર જિલ્લાના દૂધરેજ ખાતે ૧૨મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ યોજાયો જે અંતર્ગત 'વટેશ્વર વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધોળીધજા ડેમ ર વનનું નિર્માણ આયુષ ઔષધીઓ આધારિત છે. પાંચ હેક્ટર વિસ્તારમાં નિર્મિત આ વનમાં અદાજે ૭૫૦૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. 'વટેશ્વર વન'માં ઝાલાવાડની સંસ્કૃતિને લક્ષમાં રાખીને તૈયાર કરેલ તરણેતરનો મેળો, દ્રૌપદીનો સ્વયંવર, વડવાળા મંદિર સહિતના પ્રસંગોના શિલ્પો અને ચિત્રો આકર્ષણનું કેન્દ્ર છે. અહીં આરોગ્ય વન, ટચ એન્ડ સેન્સ ગાર્ડન, આયુષ્ય કલર ગાર્ડન, ઝેન ગાર્ડન, યોગા ગાર્ડન સહિતના વિભાગ બનાવાયા છે.

(Sources & Photo Courtesy : https://forests.gujarat.gov.in, https://cmogujarat.gov.in, http://paryavaranpremi.blogspot.com, https://chitralekha.com, https://www.etvbharat.com, https://mantavyanews.com